# હવે મનપાને પણ ૧૦મી સુધીમાં જીએસટીનુ રિટર્ન ભરવુ પડશે

**તંત્રએ નવા કાયદાને લઈ હાથ ધરેલી કવાયતો : બેઠકોનો દોર ચાલુ**

ગાંધીનગર, તા. ૭

હવે ગાંધીનગર મહાનગર પાલિકાએ પણ ૧૦મી સુધીમાં તેનુ જીએસટી અંગેનુ રિટર્ન ફાઈલ કરવુ પડશે અને તે અંગેની કવાયત પણ મનપા તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપાની નાણાં શાખા દ્વારા આ અંગેની કવાયત પ્રારંભ કરી દેવામાં આવી છે અને આ માટે ચાર્ટર્ડ એકાઉન્ટનની પણ સેવાઓ લેવામાં આવી રહી હોવાનુ જાણવા મળેલ છે.

આ માટે બેઠકોનો સિલસિલો મનપાના તંત્રમાં આરંભાઈ ચુક્યો છે. મનપાએ આઉટ સોર્સિંગ એજન્સીઓ પાસેથી પણ જીએસટી નંબરની વિગતો મેળવવા માટેની કવાયત પણ કરી હોવાનુ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે મનપામાં કામ કરતી એજન્સીઓ પણ ૨૦ લાખથી વધુનુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ છે. જીએસટી કાયદા અંતર્ગત તેમને પણ તેમના બિલો હવે કેવી રીતે રજુ કરવાના રહેશે તેની સમજ એકાઉન્ટ શાખા દ્વારા આપી દેવામાં આવી છે.

દેશભરમાં ૧લી જુનથી જીએસટી કાયદાનો અમલ શરૂ થઈ ચુક્યો છે અને તેની અસર હવે મનપાને પણ થઈ છે. તેને પણ દર માસની ૧૦મી સુધીમાં તેનુ રિટર્ન ફાઈલ કરવાનુ રહેશે.

# ખેલ મહાકુંભની પેટર્ન પર હવે કલા મહાકુંભ યોજાશે

**સંગીત, ગાયન, એક પાત્રિય અભિનય અને નૃત્યના વિભાગોમાં આ કલા મહાકુંભ યોજવામાં આવશે**

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકાર ખેલ મહાકુંભની પેટર્ન પર કલા મહાકુંભનુ આયોજન ૧૯-૭-૧૭ થી ૧૦-૯-૧૭ દરમ્યાન કરશે.

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૪ ગૃપમાં આ કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગીત, ગાયન, એક પાત્રિય અભિનય અને નૃત્યના વિભાગોમાં આ કલા મહાકુંભ યોજવામાં આવશે.

૩જી જુલાઈથી આ કલા મહાકુંભ અંગેનું રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ તેમાં નબળો પ્રતિસાદ સાંપડતા જિલ્લા કલેક્ટરોને આ અંગે સૂચનાઓ આપવામાં આવી છે. ૧૭-૭ સુધીમાં આ મહાકુંભ અંગે રજીસ્ટ્રેશન કરવામાં આવનાર છે.

મળતી વિગતો મુજબ ૧૯-૭ થી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ શરૂ થશે અને ૨૦-૭ થી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનો પ્રારંભ થશે. આમ જિલ્લાઓમાં વિજેતા બનેલી ટીમો પ્રદેશ કક્ષાએ પ્રદર્શન કરશે અને પ્રદેશ કક્ષાએ સફળ રહેલી ટીમો રાજ્યકક્ષાએ કલા પ્રદર્શન કરશે.

નૃત્ય, એકપાત્રિય અભિનય તેમજ સંગીત અને ગાયનની સ્પર્ધાઓમાં શાળાના બાળકો જોડાય તે માટે શાળાકક્ષાએ પણ તંત્ર દ્વારા પરિપત્રો કરી દેવામાં આવ્યા છે.



જયા પાર્વતીનું વ્રત - વ્રત-તપની મોસમમાં ગુરૂવારથી જયપાર્વતીનું વ્રત આરંભાયું... ગૌરીવ્રત સંપન્ન કરનાર કુંવારીકાઓ જયાપાર્વતીનું વ્રત કરે છે... પાંચ દિવસ ઉપવાસ અને જાગરણના તપ દ્વારા ભગવાન ભોળાનાથ પાસે સારા ઘર અને સાર વરની પ્રાર્થના વ્યક્ત કરે છે... પાર્વતી માતાએ જેમ શીવને પામવા વ્રત કર્યું હતું એમ કુંવારીકાઓ ઉગ્ર તપ કરે છે... અને જેથી જ પાર્વતી માતા સાથે વ્રતનું નામ જોડાયેલું છે...

# ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની આજથી પુરક પરીક્ષા શરૂ થશે

**બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન : ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૨૪૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

ગાંધીનગર તા ૭

માર્ચ ૨૦૧૭ માં લેવાયેલી ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આજથી પુરક પરીક્ષાનો પ્રારંભ થશે. ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૨૪૫૭ વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયની પરીક્ષા આપશે. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૭૭૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપશે.

માર્ચમાં બોર્ડ પરીક્ષામાં બે વિષયમાં નાપાસ થયા હોય તેવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વાવેતર વધ્યું

**ગત વર્ષની તુલનામાં આ ગાળા દરમ્યાન નોંધાયેલા વાવેતર કરતાં વધુ વાવેતર થયુ : ૧૯ હજાર હેક્ટરમાં વધારે વાવેતર નોંધાયુ : મગફળી, શાકભાજી તેમજ કઠોળ પાકોના વાવેતર વધ્યા**

ગાંધીનગર, તા. ૭

છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધા બાદ જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરમાં વેગ આવ્યો છે અને જિલ્લામાં ૪૭,૭૦૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર અત્યાર સુધીમાં સંપન્ન થઈ ચુક્યું છે.

સમયસર ચોમાસાના આગમનને પગલે જિલ્લામાં ૪૦ ટકાથી પણ વધુ વિસ્તારમાં વાવેતર થયુ છે અને આગામી દિવસોમાં હજુ પણ વધશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વર્ષે કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે. જો કે અત્યાર સુધીમાં ૨૨,૩૨૯ હેક્ટર વિસ્તારમાં તેનુ વાવેતર થઈ ચુક્યુ છે. ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન થયેલ વાવેતર કરતાં આ વર્ષે વાવેતર વિસ્તાર વધુ નોંધાયો હોવાનો દાવો ખેતીક્ષેત્રના નિષ્ણાતો કરી રહ્યા છે અને તેમનુ માનવુ છે કે સમયસરના ચોમાસાના આગમનને કારણે આમ બન્યુ છે.

જિલ્લામાં મગફળીના પાકનું ૪૦૧૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે જે અગાઉના વર્ષોની સરખામણીએ વધવા પામ્યુ છે. આ ઉપરાંત બાજરી, ડાંગર, મકાઈ, તુવેર, મગ, ગુવારના પાકોના વાવેતરમાં પણ ખેડૂતોએ રસ દાખવ્યો છે.

જિલ્લામાં દિવેલાના પાકનું વાવેતર ગત વર્ષ જેટલુ જ નોંધાશે તેવો અંદાજ છે. શાકભાજીના પાકોમાં પણ ૫ હજારથી વધુ હેક્ટરમાં વાવેતર થયુ છે અને વેલાવાળા શાકભાજીનું વાવેતર હજુ વધશે તેવો અંદાજ છે.

પશુધન માટે ૧૩,૩૭૦ હેક્ટર વિસ્તારમાં ઘાસચારાનુ વાવેતર નોંધાયુ છે. તમાકુનુ વાવેતર પણ ૧૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે. જિલ્લાના કૃષિક્ષેત્રે સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૨૮,૩૬૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયુ હતુ. જે આ વર્ષે વધીને ૪૭,૭૦૭ હેક્ટરમાં નોંધાયુ છે. જે ૧૯ હજાર હેક્ટર જેટલો વધારો દર્શાવે છે.

# શહેરના પાર્કીંગ પ્લેસ પર પાણીના ભરાવા સાથે લીલના થર જામ્યા

**લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસને દબાણની સાથે ગંદકીનુ ગ્રહણ : મુલાકાતીઓ પરેશાન પાર્કીંગ વ્યવસ્થા પાણીમાં !**

ગાંધીનગર તા ૭

શહેરમાં વરસાદના વિરામ બાદ સેકટરોમાં નજર નાંખો ત્યાં કાદવ કીચ્ચડ વચ્ચે લીલજામેલી જોવા મળે છે. સેકટરોના કોમન પ્લોટમાં હજુ વરસાદી પાણી સુકાયુ નથી. જયારે કોર્મશિયલ કોમ્પલેક્ષ પાસે સ્થિત પાર્કીંગ પ્લેસમાં પણ લીલના પોપડા જામ્યા છે. પાર્કીંગ પ્લેસમાં વરસાદી પાણી ભરાયેલુ રહેતા મુલાકાતીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે પાણીના ભરાવાના લીધે આ ઠેકાણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સે-૧૬ માં નાગરિક બેંક પાસેના સર્વિસ રોડ નજીક સ્થિત પાર્કીંગ પ્લેસમાં જ અસહ્ય ગંદકી ખદબદી રહી છે.

શહેરમાં ગત સપ્તાહ દરમિયાન મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ સેકટરોમાં વરસાદી પાણી ઉભરાયા હતા. જયારે વરસાદના અંતે સેકટરોમાં પાણીની સાથે વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડી રહી છે. વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અસહ્ય ગંદકી વચ્ચે ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહયા છે. સેકટરોમાં વરસાદના ચાર દિવસના વિરામ બાદ પણ વરસાદી પાણીનો નિકાલ થયો નથી. શહેરના રહેણાંક વિસ્તાર ઉપરાંત કોર્મશિયલ વિસ્તારમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહયો છે. જેના લીધે સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકરી ગયા છે. વરસાદી પાણીના ભરાવા સાથે કેટલાક ઠેકાણે લીલના થર જામી ગયા છે. જયારે કોર્મશિયલ વિસ્તાર સામે સ્થિત પાર્કીંગ પ્લેસ પર વરસાદી પાણીનો હજુ

● અનુસંધાન પાન-૭ પર

# આગામી બે-ત્રણ દિવસમાં પુનઃ ભારે વરસાદની આગાહી

**૧૬ થી ૨૧ જુલાઈ દરમ્યાન શહેરમાં ભારે વરસાદ પડશે**

ગાંધીનગર, તા. ૭

પ્રથમ રાઉન્ડમાં જ સારો વરસાદ પડ્યા બાદ આગામી થોડાક દિવસમાં પુનઃ વરસાદ પડી શકે છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગામી ત્રણ દિવસમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થશે તેમ જણાવ્યુ છે.

રાજ્યના ભાગોમાં વરસાદે વિરામ લીધેલ છે ત્યારે આગામી થોડાક દિવસોમાં રાજયમાં મેઘસવારી પુનઃ સક્રિય થવાની વકી રહે. જુલાઈ તા. ૭થી ૯ માં રાજ્યના ભાગોમાં ઝાપટા કે વરસાદ પડવાની વકી રહે. જ્યારે તા. ૧૦ થી ૧૨માં કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે. આ સમયગાળામાં તા. ૮ થી ૧૨માં પણ સૌરાષ્ટ્રના ભાગોમાં, સોરઠ, મધ્ય સૌરાષ્ટ્ર, અમરેલીના ભાગો તેમજ દક્ષિણ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે ઉત્તર ગુજરાતના ભાગો, કચ્છના ભાગો અને ઝાલાવાડના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે મુંબઈ, મહારાષ્ટ્રના ભાગોમાં કોઈ કોઈ ભાગમાં ભારે વરસાદ પડે. તારીખ ૯માં ૧૨ કલાક ૩૦ મીનીટે મુંબઈના સાગરમાં ગતિવિધિથી ઊંચા મોજા ઉછળે. ૫ કલાક ૩૨ મીનીટ અને અઢાર કલાક ૩૫ મીનીટે પણ મુંબઈના સાગરમાં ગતિવિધિ જણાય. હમણા થોડાક જ દિવસોમાં કોલ્હાપુર, રત્નાગીરી, સતપતા, મુંબઈ, દાદરા, દમણ, વાંસદા, આહવા, નવસારી, સુરત, બારડોલી, ભરૂચ, નર્મદા, સાપુતારાના ભાગો, રાજપીપળાના ભાગ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહે.

આગાહી ભૌગોલિક બાબતો તેમજ બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રના વહનથી તેમજ ગ્રહો આધારીત જણાવેલ છે. નર્મદાના સ્ત્રાવ વિસ્તારમાં પણ આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા રહે જેમાં પૂર્વિય મધ્યપરદેશ, વિધ્યપર્વત, રાજસ્થાનના ભાગો અને કચ્છના ભાગોમાં વરસાદની શક્યતા રહે. અરવલ્લીના ડુંગરાના ભાગો અને સાબરકાંઠાના ભાગોમાં વરસાદની શક્યતા રહે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા દાંતા તેમજ અન્ય ભાગોમાં વરસાદ પડવાની શક્યતા રહે. તા. ૧૬ થી ૨૧માં નર્મદાના સ્ત્રાવ વિસ્તાર તેમજ સાબરમતીના સ્ત્રાવ વિસ્તાર સાથે ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં વરસાદની સંભાવના છે. કોઈ કોઈ ભાગોમાં ભારે થી અતિ ભારે વરસાદની શક્યતા છે.



પેજ પ્રમુખોનું મહાસંમેલન : આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ભારતીય જનતા પક્ષ દ્વારા પેજ પ્રમુખોનું મહાસંમેલન ગાંધીનગર ખાતે યોજાશે... ૧૧મી જુલાઈએ ઉત્તર ઝોનના તમામ બુથ ઈન્ચાર્જ તથા પેજ પ્રમુખને માર્ગદર્શન આપવા રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ઉપસ્થિત રહેનાર છે... ૫૦-૬૦ હજાર કાર્યકરોની ઉપસ્થિતિની અપેક્ષા આયોજકો દ્વારા રખાઈ રહી છે... છેલ્લા બે દિવસથી શહેરના રામકથા મેદાનમાં વિશાળ મંડપ ઉભો કરાવાઈ રહ્યો છે...

# પત્નીની હત્યા કરનાર પતિને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

ગાંધીનગર તા ૭

રખિયાલમાં દારૂ પીવાની ના પાડતા પત્નીની હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે તેણીના પતિને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં કોર્ટે આરોપીને રૂ ૨ હજારનો દંડ ભોગવવા તેમજ દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજા ભોગવવા પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨ જાન્યુઆરી વર્ષ ૨૦૧૬ના રોજ રખિયાલના ફેકરીયા વિસ્તારમાં રહેતા મધુબેન ભરતજી ઠાકોરે તેમના પતિને દારૂ પીવાનુ છોડી દો આપણુ ઘર બગડે છે તેવો ઠપકો આપ્યો હતો. જેના લીધે ઉશ્કેરાયેલા આરોપી ભરતજી ઉદાજી ઠાકારે કુંડી પાસે પડેલો પાવડો મધુબેનના માથામાં જોરથી ફટકાર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા મધુબેનનને ત્વરિત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃત્યુ પામનાર મધુબેનના માતા શકરીબેને આરોપી વિરૂધ્ધ રખિયાલ પોલીસ મથકે ગુન્હો નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે આ કેસ ગાંધીનગરની અધિક સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. પુરાવાઓ તેમજ જુબાનીને ધ્યાને લઈ જજ એ એન જોષીએ આરોપીને આજીવન કેદની સજા તેમજ રૂ ૨ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ ૩ માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

**રખિયાલમાં દારૂ પીવાની ના પાડતા પતિએ પત્નીની પાવડો મારી હત્યા કરી હતી**


પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



સ્વર્ગવાસ તા. ૦૮-૦૭-૨૦૧૬
જન્મ તા. ૦૮-૦૬-૧૯૭૪

સ્વ. રાજશ્રીબા (રીટાબા) રાજેન્દ્રસિંહજી રાઓલ
ગામ : રંગપુર

આપનો માયાળુ અને દરેક સાથે ભળી જવાનો પ્રેમાળ સ્વભાવ સદાય યાદ આવે છે. પ્રભુ આપના આત્માને શાન્તી અર્પે એવી પ્રાર્થના કરીએ છીએ...

કોઈની વ્હાલ સોઈ દિકરી મરશો નહી, એવી પ્રભુને પ્રાર્થના.. (મા-બાપ)
વાઘેલા ભવાનસિંહજી દાજીસિંહજી (પિતા) (લીંબોદ્રા)
વાઘેલા ધર્મેન્દ્રસિંહ ભવાનસિંહ (મોટાભાઈ) (લીંબોદ્રા)
વાઘેલા જયેન્દ્રસિંહ ભવાનસિંહ (ભાઈ)(લીંબોદ્રા)
રાઓલ મહેશસિંહજી બાલુસિંહજી (જીજેસા)-માણસા
રાઓલ રાજેન્દ્રસિંહજી સુખદેવસિંહજી (રંગપુર)
રાઓલ ઈન્દ્રરાજસિંહજી રાજેન્દ્રસિંહજી (પુત્ર)
રાઓલ પૃથ્વીરાજસિંહજી રાજેન્દ્રસિંહજી (પુત્ર)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com